| Publication | Edition | Date | Page No. | Subject |
|---|---|---|---|---|
| Mumbai Samachar | Mumbai (Matinee) | 24/05/2019 | 04 | Sunny Pawar wins 'The Best Child Actor' Award |



# ઝૂંપડપટ્ટીના બાળકને આંતરરાષ્ટ્રીય ફિલ્મ અવૉર્ડ

કલાની કદર કરનારાઓ કદી સરનામું નથી જોતા. જુએ છે તો માત્ર કલાકારની આવડત. માત્ર અને માત્ર એનું પર્ફોર્મન્સ જ એને શિરપાવ અપાવવામાં કે ચૂકી જવામાં નિમિત્ત બનતું હોય છે. તાજેતરમાં બનેલા એક બનાવે આ બાબતની પુષ્ટિ કરી છે. મુંબઈની ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા ૧૧ વર્ષના બાળક સની પવારનું એક નહીં પણ બે આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં બેસ્ટ ચાઇલ્ડ એક્ટરનો અવૉર્ડ આપીને સન્માન કરવામાં આવ્યું છે. એક સપ્તાહના અંતરમાં જ સનીને ૧૯મા ન્યૂ યૉર્ક ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં તેમ જ પાંચમા ડીએફડબલ્યુ સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ બાળ કલાકારનો અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ન્યૂ યૉર્ક ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં દેખાડવામાં આવેલી અન્ય ભારતીય ભાષાની ફિલ્મોમાંથી ૪ કલાકારોનું નામાંકન કરવામાં આવ્યું હતું અને સની મેદાન મારી ગયો હતો. ફિલ્મનું નામ છે 'ચિપ્પા' જેમાં સનીએ ૧૦ વર્ષના ચિપ્પા નામના બાળકનું પાત્ર ભજવ્યું છે જે ફિલ્મનું મુખ્ય પાત્ર છે. શહેર અને તેના રાત્રી જીવનને કેન્દ્રમાં રાખીને આ ફિલ્મની વાર્તા તૈયાર કરવામાં આવી છે. ૧૦મી વરસગાંઠ વખતે ચિપ્પા પોતાનું ફૂટપાથનું ઘર છોડીને ચાલી નીકળે છે અને એની દૃષ્ટિએ ફિલ્મ આગળ ચાલે છે. સનીએ અગાઉ 'લાયન' નામની ફિલ્મમાં પણ બાળ કલાકારનો અવૉર્ડ મેળવ્યો હતો જેમાં દેવ પટેલ અને નિકોલ કિડમેન જેવા કલાકારો હતા. એ ફિલ્મના પર્ફોર્મન્સ માટે પણ તેને અવૉર્ડ મળ્યો હતો.